## ૯ રંગબેરંગી મસાલિયું

R4Y3W4

### ચાલો, ગાઈએ ગીતડું :

આવ્યું રીંગણ, આવ્યાં ટામેટાં,
ફ્લાવર સાથે આવ્યાં બટાકાં,
ધોઈ, સુધારી લીધાં બાફી,
કઢાઈમાં તો તેલ નાખી,
રાઈ, હિંગથી કર્યો વઘાર,
સુગંધ પહોંચી ઘરની બહાર.
હળદર ને મરચું ભભરાવી,
રંગ, સ્વાદની આવે સવારી.
થઈ ગયું, લો! શાક તૈયાર,
જમવા આવો સૌ દોસ્તાર.



### વિચારો, અભિનય કરો, કહો :

તમને તમારો કેવો ફોટો ગમે? ગમતા ફોટા સામે ☺ દોરો.

૧. ઊંઘતો
૨. હીંચકા ખાતો
૩. અક્કડ, અદબ વાળીને બેઠેલો
૪. ઝાડ પર ઊંધો લટકતો
૫. આંખ બંધ હોય તેવો
૬. આંખ, મોં ખુલ્લાં હોય તેવો
૭. બધા મિત્રો સાથેનો
૮. રડતો
૯. બીમાર પડ્યા હોય ત્યારનો
૧૦. નવાં કપડાં પહેરેલો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગીત :

### ફોટો પાડું

મમ્મી, મમ્મી, ફોટો પાડું?
બોલ, સાચો કે ખોટો પાડું!
મલક મલક તો થાય તું થોડું
નહીં તો ચહેરો રોતો પાડું!
જૂઈ ચમેલી અઢેલી ઊભ
ગુલાબ જોડે જો બેઠો પાડું!
તું તો મમ્મી પરી સમાણી
લે હવામાં ઊડતો પાડું
ખોલ જરીક આંખો તું સરખી
કે પછી હું ઊંઘતો પાડું?
રાખને, મોઢું બંધ જરીક
નહીં તો જો બડબડતો પાડું!
બેસ મમ્મી તું પપ્પા સાથે
ફૂલ જોડે ગલગોટો પાડું!

- ખોડાભાઈ પટેલ

## વાતચીત :

૧. જોડીમાં કામ કરો. એક મિત્ર ફોટોગ્રાફર બને ત્યારે બીજો મિત્ર મૉડેલ. જુદી જુદી સ્ટાઈલમાં ફોટા પાડવાનો અભિનય કરો. પછી ભૂમિકા બદલીને અભિનય કરો.

૨. તમને ફોટા પાડવા ગમે કે પડાવવા? કેમ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગાઓ, વાંચો, વિચારો, લખો :

૧. ગીતમાં કેટલાં સ્થળ આવે છે ? કયાં-કયાં ?

૨. નકામો વિકલ્પ છેકી ગીત પ્રમાણે સાચું વાક્ય બનાવો.

(૧) બાળક મમ્મીનો **રડતો/હસતો** ફોટો પાડવા માંગે છે. તે માટે તે મમ્મીને કહે છે, **"તું ઝીણું ઝીણું હસ."/"તું ચહેરો રડતો રાખ."**

(૨) બાળકને મમ્મી **પરી/ફૂલ** જેવી લાગે છે. તેથી તે મમ્મીનો **ઊંઘતો/ઊડતો** ફોટો પાડવા માંગે છે.

(૩) જો મમ્મીની આંખ સરખી **બંધ/ખુલ્લી** નહીં હોય તો ફોટામાં મમ્મી **ઊંઘતી/રડતી** લાગશે.

(૪) જો મમ્મીના હોઠ સરખા **ખુલ્લા/બંધ** નહીં હોય તો, ફોટામાં તે **બડબડતી/ઝઘડતી** હોય તેવી લાગશે.

## જોડકાં જોડો :

| અ | | બ |
|---|---|---|
| ૧. મમ્મી ઝીણું સ્મિત નહીં કરે તો | ☐ | (અ) અથવા આંખ બંધ હોય તેવો ફોટો લઈશ. |
| ૨. મમ્મી જૂઈ, ચમેલી પાસે હોય તેવો | ☐ | (આ) કે પછી તે બબડતી હોય તેવો ફોટો પાડીશ. |
| ૩. મમ્મી પરી જેવી પ્રેમાળ છે. | ☐ | (ઇ) હું તે રડતી હોય તેવો ફોટો પાડીશ. |
| ૪. મમ્મીની આંખ મોટી હોય તેવો | ☐ | (ઈ) અને ગુલાબની સાથે પણ ફોટો લઈશ. |
| ૫. મમ્મીના હોઠ બંધ હોય તેવો | ☐ | (ઉ) ફૂલ અને ગલગોટા જેવા લાગે. |
| ૬. મમ્મી પપ્પાની સાથે બેસે તો | ☐ | (ઊ) તેથી તે ઊડતી હોય તેવો ફોટો લઈશ. |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**'પાડ', 'આવે' અથવા 'ખા' લખો :**

(હવા, ભાજી, તાવ, કેરી, હીંચકો, મહેમાન, તાળી, પરીક્ષા, પરી, ફૂલ, લાડવો, બગાસું, ઊંઘ)

| ૧. શું પાડી શકાય? | ૨. શું શું આવે? | ૩. શું ખાઈ શકાય? |
|---|---|---|
| ફોટો પાડ | ______ આવે | ______ ખા |
| ______ પાડ | ______ આવે | ______ ખા |
| ______ પાડ | ______ આવે | ______ ખા |
| ______ પાડ | ______ આવે | ______ ખા |

**કાવ્યને આધારે કૌંસમાંના શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો :**

(ઊંઘતી, મહેકતી, મલકતી, ઊડતી, ફૂલ જેવી, બડબડતી)

૧. મમ્મી હસતી હોય ત્યારે ______ મમ્મી.

૨. ગુલાબ જોડે બેસે ત્યારે ______ મમ્મી.

૩. પરી જેવા ફોટામાં ______ મમ્મી.

૪. આંખ બંધ હોય તો ______ મમ્મી.

૫. હોઠ ખુલ્લા રહી જાય તો ______ મમ્મી.

૬. જોડે પપ્પા બેઠા હોય ત્યારે ______ મમ્મી.

**તમારે ગીતની દરેક કડીની પહેલી પંક્તિ ગાવાની, શિક્ષક દરેક વખતે બીજી પંક્તિ ગદ્યમાં ફેરવીને ગાશે :**

ઉદાહરણ : વિદ્યાર્થીઓ : મમ્મી, મમ્મી, ફોટો પાડું?

શિક્ષક : મમ્મી, તું જ મને કહે કે તારો ફોટો સાચો પાડું કે ખોટો?

આ રીતે બધી કડીઓ ગવાઈ-બોલાઈ ગયા પછી આખો વર્ગ બે જૂથમાં વહેંચાઈ જાઓ. એક જૂથ પદ્ય ગાય, બીજું જૂથ ગદ્ય બોલે. તે પછી ગદ્ય-પદ્ય બોલનાર જૂથ બદલી નાખવાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **આવો, ગાઈએ ગીતડું :** આવ્યું રીંગણ આવ્યાં ટમેટાં...

**વાર્તા :**

## બધા સ્વાદનું વ્રત

શીરીનનાં દાદા-દાદી, મમ્મી-પપ્પા અને બીજા વડીલ એક યા બીજું વ્રત કરે. શીરીનને થયું, ‘‘હું પણ કરું વ્રત!’’ તેણે ઘરમાં જાહેર કર્યું, ‘‘મારે વ્રત કરવાનું છે.’’

મમ્મીએ પૂછ્યું, ‘‘ઓહો! એમ! કયું વ્રત?’’

શીરીને ખૂબ વિચાર કર્યો. તેણે બધાં પ્રકારનાં વ્રત યાદ કરી જોયાં. છેવટે, તેણે ગોઠવીને કહ્યું, ‘‘ગળ્યું વ્રત.’’

મમ્મીએ પૂછ્યું, ‘‘એટલે?’’

શીરીને કહ્યું, ‘‘હું આજે ફક્ત ગળ્યું ગળ્યું જ જમીશ.’’

મમ્મીએ કહ્યું, ‘‘ભલે!’’

મમ્મીએ તો શીરો બનાવ્યો, ખીર અને દૂધપાક બનાવ્યાં.

શીરીનબહેન શીરો જમ્યાં, ખીર અને દૂધપાક ખાધાં.

ઘરનાં બધાંએ પણ પોતાના ભાણામાં શીરો, ખીર, દૂધપાક લીધાં.

શીરીનને તો ગળ્યું વ્રત કરવાની ખૂબ મજા આવી.

તે રાત્રે જ શીરીને જાહેર કર્યું, ‘‘કાલે મારે ખાટું વ્રત.’’

મમ્મી થોડા મૂંઝાયા. પછી કહે, ‘‘ઠીક.’’

બીજે દિવસે મમ્મીએ બનાવી કઢી, બે દિવસ પહેલાંનાં દહીંની.

મમ્મી લાવી સંતરાં, કાચી કેરી અને લીંબુ.

શીરીન તો કઢી ગટગટાવી ગઈ.

શીરીને બહુ બધાં સંતરાં અને કેરીના કટકા ખાધા.

તેના દાંત તો ખટાઈ ગયા.

તેણે મમ્મીને પૂછ્યું, ‘‘લીંબુ પર મીઠું-મરચું છાંટી તેનો રસ ચટાય?’’

મમ્મી કહે, ‘‘ખાટા વ્રતમાં તો એમ ન કરાય.’’

શીરીને લીંબુ ન ચૂસ્યું.

ઘરનાં બધાંએ બપોરે ભાત સાથે કઢી લીધી. સાંજે સંતરાનો રસ પીધો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મમ્મીએ લીંબુ આથી દીધાં.

મમ્મીએ શીરીનને પૂછ્યું, ''કાલે વ્રત છે કે? કયું?''

શીરીને થોડો વિચાર કર્યો. પછી કહે, ''તીખું વ્રત.''

મમ્મીને થોડી ચિંતા થઈ. પણ, પછી તેમણે કહ્યું, ''વારુ.''

મમ્મીએ મોટાં મોટાં મરચાં તળ્યાં.

મમ્મીએ આદુની કતરણ સાંતળી.

શીરીન જમવા તો બેસી. પણ થોડી ગભરાઈ.

તેણે જોયું કે ઘરના બધાએ પોતાની થાળીમાં એક-બે મરચાં અને આદુની કતરણ લીધાં હતાં.

થોડી હિંમત કરી શીરીને આદુની કતરણ ચાવી. તે પછી મરચાનું બટકું ભર્યું.

શીરીનના નાક અને આંખમાંથી પાણી નીકળ્યાં, ગાલ લાલ થયા.

તેના કાનમાંથી ધૂમાડા નીકળ્યા, માથાના વાળ ઊંચા થઈ ગયા.



શીરીને બે પવાલાં પાણી પીધું.

મમ્મીએ કહ્યું, ''ચમચી મધ ચાટી લે.''

શીરીને થોડો વિચાર કરી કહ્યું, ''તીખા વ્રતમાં મધ ન ચટાય.''

મમ્મીએ કહ્યું, ''વ્રતમાં મધનો બાધ ન હોય.''

શીરીને ચમચી ભરી મધ મોઢામાં મૂક્યું. તેની જીભ પર ઠંડક થઈ. તેના ગળાને સારું લાગ્યું. તેની આંખનાં પાણી અટક્યાં.

દાદીએ કહ્યું, ''બસ બેટા! ત્રણ વ્રત થઈ ગયાં. હવે વ્રત લંબાવવાની જરૂર નથી.''

શીરીને કહ્યું, ''પણ, ત્રીજું વ્રત પૂરું તો કરવું પડે ને!''

મમ્મીએ સૂચવ્યું, ''વ્રતમાં દૂધ પીવાય. ખજૂર ખવાય.''

શીરીન પવાલું દૂધ અને બે પેશી ખજૂર ખાઈ સૂઈ ગઈ.

પછીના દિવસે શીરીને મમ્મીને પૂછ્યું, ''વ્રત કરું કે ના કરું?''

મમ્મીએ કહ્યું, ''તારી મરજી!''

શીરીને કહ્યું, ''આજે છેલ્લું વ્રત.''

ખૂબ ગડમથલ પછી તેણે કહ્યું, ''આજે કડવું વ્રત.''

મમ્મીએ કહ્યું, ''ઠીક.''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મમ્મીએ તો કારેલાંનું શાક બનાવ્યું, ગોળ વગરનું. મમ્મીએ લીમડાનો રસ કાઢ્યો.

ઘરનાં બધાંએ નરણે કોઠે લીમડાનો રસ ચમચી-ચમચી પીધો.

ઘરનાં બધાંએ જમતી વખતે દાળ, ભાત, રોટલી સાથે કારેલાનું શાક લીધું.

શીરીને એક ફોડવું શાક ખાધું, એક ઘૂંટડો લીમડાનો રસ પીધો.

તેનું મોઢું બગડી ગયું.

શીરીન રડવા જેવી થઈ ગઈ.

દાદીએ કહ્યું, ''ત્રણ વ્રત થઈ ગયાં. ચોથાની જરૂર નથી.''

મમ્મીએ કહ્યું, ''બધા સ્વાદ એકસાથે જમવાનું વ્રત પણ થાય.''

શીરીને પૂછ્યું, ''એ કઈ રીતે ?''

મમ્મીએ કહ્યું, ''જ્યારે પણ જમીએ ત્યારે ગળ્યું, ખાટું, ખારું, તીખું, તૂરું અને કડવું એમ બધું જ જમવાનું.''

શીરીન ખુશ ખુશ થઈ ગઈ. તેણે ઘરના બધાની સાથે દાળ, ભાત, રોટલી, શાક, ગોળ, કચુંબર, અથાણું, છાશ અને મુખવાસ ખાધાં.

## વાતચીત :

૧. શીરીનનું કયું વ્રત તમને સૌથી વધારે ગમ્યું?

૨. તમે કયા સ્વાદનું વ્રત કરવાનું પસંદ કરો? કેમ?

૩. તમને કઈ વાનગી સૌથી વધુ ભાવે?

૪. તમે આવું વ્રત કરવાનું કહો તો તમારા ઘરના તમને શું કહે?

૫. શીરીનના મમ્મીએ કઢી બનાવવા બે દિવસ પહેલાંનું દહીં કેમ લીધું?

૬. ચોથું વ્રત નક્કી કરતી વખતે શીરીનના મનમાં શું ગડમથલ થઈ હશે?

## સાંભળો, વાંચો, વિચારો, લખો :

૧. શીરીને કયાં કયાં વ્રત કર્યાં?

૨. તમારા વડીલો કયાં-કયાં વ્રત અથવા ઉપવાસ કરે છે?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. તમારા ઘરે પૂછીને લખો કે ચોક્કસ વ્રત કે ઉપવાસ હોય ત્યારે શું ખવાય અને શું ન ખવાય? તમારા મિત્રોની નોંધ સાથે તમારી નોંધ સરખાવો. તે માટે શિક્ષકનું માર્ગદર્શન લો.

| વ્રત/ઉપવાસ | શું ખવાય? | શું ન ખવાય? |
|---|---|---|
| | | |
| | | |
| | | |

૪. રસોડામાં દરેક સ્વાદ માટે અલગ-અલગ બરણી છે. શીરીનના પપ્પા બજારમાંથી નીચેની વસ્તુઓ લાવ્યા છે. તે વસ્તુઓનાં નામ બરણીમાં લખો.

મધ, મેથી, મરચું, હળદર, મીઠું, આમલી, અજમો, મોસંબી, ગોળ, સંચળ, મરી, લીંબોળી, જાંબુ, જામફળ, આંબળા, બોર, કેરી, કારેલું, દૂધ




૫. તમારા ઘરે નીચેની વાનગી બને ત્યારે તેમાં કયા કયા સ્વાદ ઉમેરાય છે? યોગ્ય ખાનામાં ✓ કરો.

| વાનગી | ગળ્યો | ખારો | ખાટો | તીખો |
|---|---|---|---|---|
| દાળ | | | | |
| ખીચડી | | | | |
| શીરો | | | | |
| રોટલો | | | | |
| ચેવડો | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## બનાવો, ચાખો, ચર્ચો, લખો :

જૂથમાં કામ કરો. વર્ગમાં જ સામાન લાવી રાખો. શિક્ષક દરેક જૂથને અપારદર્શક ડબ્બીઓમાં સામાન આપશે. તમારે ચોક્કસ પ્રકારનું જ શરબત બનાવવાનું છે. તમારા જૂથે કયા સ્વાદ પર કામ કરવાનું છે, તે શિક્ષક પાસેથી ચિઠ્ઠી ઉપાડીને જાણો. તમે કેવું-ખારું, ખાટું, ગળ્યું, ફીક્કું, મોળું, તૂરું કે તીખું-શરબત બનાવવાના છો તેની બીજા જૂથને ખબર પડવા દેશો નહીં. તમે બનાવેલું શરબત વર્ગ આગળ મૂકો. બીજાં જૂથનાં શરબત ચાખી, નીચેની વિગતો લખો.

| શરબતનો સ્વાદ | જૂથ | શું વધારે ઉમેર્યું? | શું ઓછું રાખ્યું? |
|---|---|---|---|
| ખારો | | | |
| ખાટો | | | |
| ગળ્યો | | | |
| ફીક્કો | | | |
| મોળો | | | |
| તૂરો | | | |
| તીખો | | | |

## રીડિંગ ક્રિકેટની રીતે 'બધા સ્વાદનું વ્રત' વાંચો.

- **આવો, ગાઈએ ગીતડું :** આવ્યું રીંગણ, આવ્યાં ટામેટાં...

## સાંભળો, વાંચો, વિચારો, લખો :

**૧. ત્રણના જૂથમાં કામ કરો. ફકરો વાંચી, પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પર ✓ કરો. જરૂર જણાય ત્યાં એક કરતાં વધુ વિકલ્પો પર ✓ કરવું.**

દિવસમાં કેટલીકવાર તમે રાંધણિયાની મુલાકાત લો છો? ત્રણ વાર, પાંચ વાર કે વધુ? એ દરમિયાન તમે શું શું જોયું? રાંધણિયામાં થતી ક્રિયાઓ તમે ધ્યાનથી જોઈ ખરી? કોઈક વાર બાફવાનું ચાલતું હોય, તો કોઈક વાર શેકવાનું, ક્યારેક વળી તળવાનું, વણવાનું, મસળવાનું સાથે ચાલતું હોય. આ બધી ક્રિયાઓ થાય ત્યારે આપણી થાળીમાં જાત-જાતની વાનગીઓ આવે છે. જેમકે, ચોખા-દાળ ધોવાય, વઘારાય, તેમાં મસાલા અને પાણી ઉમેરાય, પછી તેને ચડવા દેવાય, ઠરવા દેવાય. ત્યારે તૈયાર થાય ખીચડી. આવી જ રીતે, જાણીતી અને નવી વાનગીઓ બને.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૧) 'રાંધણિયું' એટલે?

(અ) રસોડું (બ) પ્રયોગશાળા (ક) ઓરડી

(૨) 'મુલાકાત' એટલે?

(અ) જોડે રહેવું (બ) થોડા સમય માટે મળવું (ક) છૂટા પડવું

(૩) 'ક્રિયા' એટલે?

(અ) રમત (બ) ચોક્કસ રીતે કરાતું કામ (ક) કામ કરવું તે

(૪) 'વાનગી' એટલે?

(અ) ખાવાની વસ્તુ (બ) રસોઈની સામગ્રી (ક) ફક્ત મીઠાઈ

(૫) આમાંથી વાનગી ના હોય તે વસ્તુ ઓળખો.

(અ) દૂધપાક (બ) ખીચડી (ક) બટાકા (ડ) પાણીપૂરી (ઈ) પાણી

(૬) આમાંથી 'ક્રિયા' કઈ?

(ક) ઊંઘવું (ખ) પથારી (ગ) દાળ (ઘ) પાણી (ચ) છીંક (છ) બગાસું ખાવું (જ) તાળી પાડવી (ઝ) મસાલા (ટ) ખો-ખો રમવું (ઠ) કબડ્ડી (ડ) રડવું (ઢ) ચોખા (ણ) મનમાં વાંચવું

(૭) રસોડામાં કઈ કઈ ક્રિયાઓ થાય છે?

(ક) માપવું (ખ) કાપવું (ગ) બાફવું (ઘ) વાંચવું (ચ) લખવું (છ) ફોટા પાડવા (જ) સૂઈ જવું (ઝ) શેકવું (ટ) નહાવું (ઠ) ધોવું (ડ) મસળવું (ઢ) રમવું (ણ) નૃત્ય કરવું (ત) ગાવું (થ) જમવું (દ) સૂકવવું

**જોડીમાં કામ કરો, ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો :**

આરાધ્યાના ત્રણ દાંત સડી ગયેલા. તેને ખૂબ દુઃખાવો થતો હતો. મમ્મી-પપ્પા એને દાંતના ડૉક્ટર પાસે લઈ ગયાં. ડૉક્ટરે આરાધ્યાને લાંબી ખુરશી પર બેસાડી. તેમણે આરાધ્યાના નાનકડા મોઢામાં નાનકડો, ગોળ અરીસો નાખ્યો અને દાંત તપાસ્યા. પછી, તેમણે આરાધ્યાના દાંત મશીનથી સાફ કરી આપ્યા. તેમણે આરાધ્યાને કહ્યું, ‘‘હવે નહીં દુઃખે! પણ, હવેથી મોં બરાબર સાફ રાખવાનું. કંઈ પણ ખાધા કે પીધા પછી, મોંમાં પાણી ભરી કોગળા કરવાના. સવારે ઊઠીને તરત બ્રશ કે દાતણ કરવાનું. અને રાત્રે સૂતા પહેલાં તો ખાસ, ભૂલ્યા વગર બ્રશ કે દાતણ કરવાનું.’’ ડૉક્ટરે આરાધ્યાને કોગળો કરી બતાવ્યો. તેમણે બ્રશને ઉપર-નીચે, અંદર-બહાર ફેરવવાની સાચી રીત પણ બતાવી.

આરાધ્યાના દાંતમાં હવે સડો નથી. તેને હવે દુઃખાવો નથી. તે સવાર-સાંજ દાંત સાફ કરે છે. જેટલી વાર કંઈક ખાય કે પીવે, કોગળો કરી લે છે.

તમારા દાંતમાં સડો છે? તમારા જોડીદાર પાસે દાંત તપાસાવડાવો. દાંત તપાસવાનું તમારા શિક્ષક પાસેથી શીખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**૧. ટૂંકમાં જવાબ લખો.**

(૧) આરાધ્યાના કેટલા દાંત સડ્યા હતા?

(૨) આરાધ્યાને કેવો દુ:ખાવો થતો હતો?

(૩) ડૉક્ટરે આરાધ્યાને ક્યાં બેસાડી?

(૪) ડૉક્ટરે શાના વડે તપાસ કરી?

(૫) ડૉક્ટરે આરાધ્યાને ક્યારે-ક્યારે કોગળો કરવા કહ્યું?

**૨. આપેલા મુદ્દાને લગતાં વાક્યો ફકરામાંથી શોધો અને તેના સમય પ્રમાણે લખો.**

| આરાધ્યા... | પહેલાં | અત્યારે |
|---|---|---|
| (૧) દાંતનો દુ:ખાવો | | |
| (૨) દાંતમાં સડો | | |
| (૩) કોગળા | | |
| (૪) દાતણ/બ્રશ | | |

**૩. જેમ આરાધ્યા માટે વાક્યો નોંધ્યાં તેમ તમારા વિશે વાક્યો લખો અને વર્ગમાં મોટેથી વાંચો.**

| | અત્યારે | હવેથી |
|---|---|---|
| (૧) દાંતનો દુ:ખાવો | | |
| (૨) દાંતમાં સડો | | |
| (૩) કોગળા | | |
| (૪) દાતણ/બ્રશ | | |

**રમત :**

વર્ગનાં બધાં બાળકો ત્રણ જૂથમાં વહેંચાઈ જાઓ. પહેલા જૂથને 'ગઈકાલ', બીજા જૂથને 'આજ' અને ત્રીજા જૂથને 'આવતીકાલ' એમ નામ આપો. તમને અનુકૂળ હોય તો વારનાં નામ આપી શકાય. નીચે આપેલા ઉદાહરણ પ્રમાણે આપેલા શબ્દ પરથી દરેક જૂથ પોતાના જૂથને અનુરૂપ વાક્ય બનાવી બોલશે. દરેક સાચા વાક્ય માટે એક પૉઈન્ટ. અહીં નમૂનાના શબ્દો આપેલા છે. આવા બીજા શબ્દો તમારા શિક્ષક પાસેથી જાણી રમત આગળ વધારતા રહો. પહેલી વાર પાંચ-પાંચ શબ્દ સાથે રમત રમો. પછી શબ્દસંખ્યા વધારતા જાઓ. સરખી તક મળ્યા પછી જે જૂથ સૌથી વધુ પૉઈન્ટ બનાવે તે વિજેતા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| સિદ્ધિ | ગઈકાલ | આજ | આવતીકાલ |
|---|---|---|---|
| ૧. વાંચવું | સિદ્ધિએ વાર્તા વાંચી. | સિદ્ધિ વાર્તા વાંચે છે. | સિદ્ધિ વાર્તા વાંચશે. |
| ૨. કૂદવું | અમે પાંચ પગથિયાં કૂદ્યા. | અમે હાથ પકડીને કૂદીએ છીએ. | અમે કાલે દોરડાં કૂદીશું. |
| ૩. રમવું | | | |
| ૪. જમવું | | | |
| ૫. હસવું | | | |
| ૬. રંગોળી પૂરવી | | | |
| ૭. શાક બનાવવું | | | |
| ૮. | | | |
| ૯. | | | |
| ૧૦ | | | |

**ત્રણના જૂથમાં કામ કરો. બે સભ્યો વારાફરતી ફકરો વાંચી સંભળાવો. બીજા ફકરામાં વધારે માહિતી આપી છે.**

(૧) ભૈરવીના કાકાનાં લગ્ન હતાં. તે માટે મંડપ બંધાયેલો અને જમણવાર ગોઠવાયેલો. દાળ-શાક વડીલોને લાયક હતાં. પણ, મીઠાઈ હતી એટલે ચાલ્યું! હલવો, બાસુંદી બધાંને ભાવ્યાં. છેલ્લે પાન ખાવાની પણ મજા પડી.

(૨) ભૈરવીના નાના કાકાનાં લગ્ન હતાં. તે માટે વિશાળ મંડપ બંધાયેલો અને ભવ્ય જમણવાર ગોઠવાયેલો. દાળ-શાક વડીલોને લાયક તીખાં હતાં. પણ, બે-ત્રણ મીઠાઈ હતી એટલે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચાલ્યું! દૂધીનો હલવો, સીતાફળની બાસુંદી બધાંને ભાવ્યાં. છેલ્લે મીઠું પાન ખાવાની પણ મજા પડી.

(૧) ફકરા નંબર ૨માં કઈ માહિતી વધારાની છે? તે લખો અને ફકરામાં તે શબ્દ નીચે લીટી કરો.

| ફકરો-૧ | ફકરો-૨ |
|---|---|
| ૧. કાકા | નાના કાકા |
| ૨. મંડપ | વિશાળ મંડપ |
| ૩. | |
| ૪. | |
| ૫. | |
| ૬. | |

- જૂથમાં જ રમત રમો. ઉદાહરણ પ્રમાણે આપેલાં વાક્યોમાં નવી માહિતી ઉમેરતાં જાઓ.

**ઉદાહરણ :** મેં કૂતરો જોયો.

મેં કાળો કૂતરો જોયો.

મેં એક કાળો કૂતરો જોયો.

મેં એક મોટ્ટો કાળો કૂતરો જોયો.

(૧) રૂકસાનાએ ફરાક ખરીદ્યું. (૨) હાર્દિક દોડે છે. (૩) હવે ચંદ્રિકા રડશે.

- વર્ગના બે જૂથ બનાવો. શિક્ષક વાક્ય આપે તેમાં દરેક જૂથ નવી માહિતી ઉમેરતું જાય. જે જૂથ માહિતી સાચી રીતે ઉમેરે તેને એક પૉઈન્ટ. વાક્યમાં ત્રણ નવી માહિતી ઉમેરાય ત્યાં સુધી રમી, નવા વાક્યથી રમત આગળ ચલાવો.

## વાર્તા સાંભળો, વાંચો, વિચારો, લખો :

૧. ફકરો સાંભળો, જોડીમાં કામ કરી જવાબ લખો.

સ્વીટુને અવનવી વસ્તુઓ બનાવવી ખૂબ ગમે. ક્યારેક તે રસોડામાંથી ચપ્પુ અને પપ્પાની કાતર લઈને બેસે. તેને તપાસવું હોય કે બેમાંથી વધારે અણીદાર શું? પપ્પા દોડીને આવે અને



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સ્વીટુને સમજાવે. ''વાગી જાય!'' ક્યારેક વળી તે ઘરના ઝાંપા પર હીંચકો ખાય, તો ક્યારેક હીંચકાના સળિયા પર ચઢી જાય. ફોઈ હાંફળાં-ફાંફળાં થઈ આવે અને તેને ઉતારીને પૂછે, ''શું કરે છે ?'' સ્વીટુ સામો પ્રશ્ન પૂછે, ''બેમાંથી શું ઊંચું?'' એક વખત મમ્મી તેને ગાલ પર પથ્થર ઘસતાં જોઈ ગયાં. તેમણે પૂછ્યું, ''શું કરે છે ?'' સ્વીટુ કહે, ''પથ્થરને લીસ્સા કરું છું.'' આવું જે કાંઈ થાય, દાદી તેની વાર્તા બનાવે અને રોજ રાત્રે સ્વીટુને કહે, ''એક છોકરી, બહુ સાહસિક.'' સ્વીટુ ઉમેરે, ''તેનું નામ સ્વીટુ.'' દાદી કહે, ''તે ક્યારેક ચપ્પાની ધાર તપાસે. પણ, પપ્પાને જોડે રાખીને. ક્યારેક વળી હીંચકાની ઊંચાઈ માપે. ત્યારે તે ફોઈને જોડે રાખે. ક્યારેક તેને થાય કે 'શું વધારે લીસ્સું? પથ્થર કે મારો ગાલ?'' તો એ મમ્મીને પૂછવા જાય. આવી વાતો સાંભળતાં-સાંભળતાં સ્વીટુબહેન પોઢી જાય.

- **ઓળખી કાઢો. તે વ્યક્તિ કે વસ્તુનાં નામની ફરતે ફકરામાં ◯ કરો. :**

સ્વીટુના ઘરમાં

(૧) સૌથી મોટું કોણ? (૨) સૌથી નાનું કોણ?

(૩) સૌથી અણીદાર શું? (૪) સૌથી બુઠ્ઠું શું?

(૫) સૌથી ઊંચું શું? (૬) સૌથી નાનું શું?

(૭) સૌથી લીસું શું? (૮) સૌથી ખરબચડું શું?

**સાંભળો, વાંચો, વિચારો :**

**આપેલો પ્રસંગ મોટેથી વાંચી સંભળાવો ત્યારબાદ વર્ગમાં ભજવો.**

આદ્યાબહેન ખૂબ મોટાં જાસૂસ; જૂનાં અને જાણીતાં. દૂર-દૂરનાં ગામથી, નાનાં-મોટાં શહેરથી લોકો તેમની સલાહ લેવા ફોન કરે. આદ્યાબહેન બધી વિગત ફોન પર પૂછે. એમ તેઓ ગુમ થયેલી ચીજ કે ખોવાયેલી વસ્તુ અથવા જીવ શોધી આપે.

અદ્વૈતભાઈનો વહાલો ઘોડો મળતો નહોતો. તેમણે વહેલી સવારે આદ્યાબહેનને ફોન જોડ્યો.

**આદ્યાબહેન :** તમારા ઘોડાનો દેખાવ કેવો હતો?

**અદ્વૈતભાઈ :** ચાર પગ, બે આંખ, બે...

**આદ્યાબહેન :** બધા ઘોડાને હોય એ તો! તમારા ઘોડાની ખાસ વાત?

**અદ્વૈતભાઈ :** તેને સુંદર, સોનેરી વાળ છે. લીસી, ચમકતી ચામડી છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**આદ્યાબહેન :** એવા તો ઘણા ઘોડા હોય. તમારા ઘોડામાં જુદું શું?

**અદ્વૈતભાઈ :** તેના કપાળ પર કથ્થાઈ ચાંદો છે.

**આદ્યાબહેન :** આ બરાબર. આવી જ બીજી વિશેષ વાત જણાવો.

**અદ્વૈતભાઈ :** તેના બંને પાછલા પગ પર પણ કથ્થાઈ ચાંદા છે.

**આદ્યાબહેન :** સરસ, હવે કહો, ક્યારે ખોવાયો ? છેલ્લે ક્યાં જોયો હતો?

**અદ્વૈતભાઈ :** અડધા કલાક પહેલાં, ઘર પાસેથી....

**આદ્યાબહેન** તમે ક્યાં-ક્યાં તપાસ કરી?

**અદ્વૈતભાઈ :** તપાસ નથી કરી. સીધો તમને ફોન કર્યો.

**આદ્યાબહેન :** પહેલાં તમારા ઘર, ખેતર, વાડી કે ઘોડારમાં તપાસ કરો.

**અદ્વૈતભાઈ :** હા, એ ખરું!

- **સાચા શબ્દ પર ✓ કરી મોટેથી વાંચો :**

૧. આદ્યાબહેન **પ્રખ્યાત/વૃદ્ધ/નકામા/હોંશિયાર** જાસૂસ હતા.

૨. આદ્યાબહેન પાસે **પોલીસ/ગામલોકો/શહેરીજન/ચોર** સલાહ લેવા આવે.

૩. **પક્ષી/પ્રાણી/વનસ્પતિ/જંતુ**ને ચાર પગ, બે કાન, એક પૂંછડી હોય.

૪. અદ્વૈતભાઈના ઘોડાના વાળ **સોનેરી/ખૂબ લાંબા/લીસા/ગુચ્છેદાર** હતા.

૫. અદ્વૈતભાઈના ઘોડાની ત્વચા **લીસી/મેલી/ખરબચડી/ચમકતી** હતી.

**જોડીમાં કામ કરો. આપેલા કોષ્ટકમાંથી પ્રાણીઓ અને તેમનાં વિશેષ નામ શોધી કાઢો. તે બંને યોગ્ય રીતે જોડીને લખો. :**

| | | | |
|---|---|---|---|
| ગો | બ | રું | ખે |
| ધા | હા | પા | દૂ |
| નિ | કૌ | ળી | ઝ |
| મા | ર | ક | ણી |

| | | |
|---|---|---|
| સ | ભૂં | ડ |
| ભેં | સ | ગ |
| ગા | ય | લું |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાનગી ઓળખો. તે માટે શું ઉમેરવું પડશે? તે ઉમેરો :

(૧) જ લ બ (૨) સ મ સ

(૩) ભ જ ય (૪) લ પ સ

(૫) ર ટ લ (૬) મ હ ન થ ળ

## શિક્ષક તમને પાના નંબર ૧૬૭ પરના ફકરાનું શ્રુતલેખન કરાવશે. જોડીમાં કામ કરો. તે ફકરો એક વાર વાંચી લો. શ્રુતલેખન વખતે તમે બંને મિત્ર તે કેવી રીતે લખશો તે નક્કી કરી લો. ફકરો લખાઈ ગયા પછી તમે બંનેએ શી સમજૂતી કરી તે વર્ગને જણાવો :

## હસો :

**મમ્મી** : બિટ્ટુ શીરો બનાવું કે સુખડી?

**બિટ્ટુ** : મમ્મી, ઘરમાં એક જ કઢાઈ છે?

## વાંચો, નાચો :

એન ઘેન દીવા ઘેન
આભમાં ઊડે સુપરમેન
સાથે રમતા નિકી, નરેન
બક અપ કરો ઢેન ટેડેન

લઈને દફ્તર પાટીપેન
સ્કૂલે આવ્યો સ્પાઇડરમેન
ભણવા બેઠો છાપરે
છોકરાં બોલ્યાં ''બાપ રે.....!''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in